Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

४५८
२५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ओ३म् ॐ

पुस्तक-संख्या ५५/२५

पंजिका-संख्या २०५१४६

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आसवारिष्टविज्ञान

पुस्तकालय
गुरुकुल कांगड़ी

आवृत्ति बीजी

लेखक :
वैद्य जगन्नाथ पुरुषोत्तम ठक्कुर

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આરોગ્યસિન્ધુ ગ્રન્થમાળા પુષ્પ ૧૦ મું.

आसवारिष्टविज्ञान

[સુધારા વધારા સાથે આવૃત્તિ બીજી]

स्टाक म्यूजियम पुस्तकालय
卐
गुरुकुल कां

લખનાર:
વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર
સંપાદક: "આરોગ્યસિન્ધુ"
:: નાનકવાડા; કરાચી ::

૫૫ ગ
૨૫
卐
૨૦૫૧૪
૧૬.૪.૨૦૧૧

કારતક, ૧૯૯૦] પ્રત ૧૦૦૦ [ઑક્ટોબર, ૧૯૩૩

મૂલ્ય બે આના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્રક અને પ્રકાશક :
વૈદ્ય ગોપાલજી કું. ઠક્કુર

પુસ્તક મળવાનું ઠેકાણું :

ધી સિન્ધ આયુર્વેદિક ફાર્મસી

નાનકવાડા; કરાચી — તથા — ઉપ૫, ઝાલબાદેવી મુંબઇ, ૨

મુદ્રણસ્થાન :
આરોગ્યસિન્ધુ પ્રીન્ટીંગ પ્રેસ,
વાધુમલ રોડ, કરાચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

"આસવારિષ્ટવિજ્ઞાન" નામનું ટ્રેક્ટ આજથી પૂર્વે પાંચ વર્ષ પર મેં લખી પ્રગટ કરેલું જે અત્યારે સમાપ્ત થતાં આજે તેની બીજી આવૃત્તિ પ્રગટ કરવાનો અવસર મળેલો જોઇ આનંદ થાય છે.

પહેલી આવૃત્તિનો સર્વ ભાઇઓએ ખૂબ લાભ લીધો છે અને તેને માટે સારા અભિપ્રાયો પણ મોકલાવેલ છે અને એ નાનું છતાં ઉપયોગી ટ્રેક્ટ સૌને પસંદ થયું છે, આ વેળાએ જુની આવૃત્તિમાં જરૂરી હતો તે સુધારો કરી વધારે ઉપયોગી બનાવવાનો પ્રયત્ન કરેલ છે આશા છે કે તેથી તેની ઉપયોગીતામાં પ્રથમ કરતાં વધારો થશે.

આસવના વિષય પર મોટું પુસ્તક લખવાની ઇચ્છા હતી પણ હજી તેવો સમય કે સાધનો પ્રાપ્ત થએલ ન હોવાથી ભવિષ્યમાં પ્રસંગ આવે તે તકનો લાભ લેવા ઇચ્છા રહે છે. છતાં એટલું જણાવતાં આનંદ થાય છે કે મોટા પુસ્તકમાં જે વસ્તુ હોય તેના કરતાં સારાંશ રૂપે વસ્તુ આમાં પણ કાંઇ ઓછી નથી અને તેનો જે બરાબર અભ્યાસ થાય તો આસવ બનાવવામાં ઘણી સફળતા મળે છે એ વાત નિર્વિવાદ છે.

વૈદ્યો પોતાની દવાઓ સારી અને સચોટ બનાવે તે સાથે બજારમાં પ્રમાણિક હરિફાઇ પણ કરે એવા મતનો હું પોતે છું અને તે માટે મળતો અનુભવ હું આવા ટ્રેક્ટો દ્વારા સદૈવ આપવાની આશા રાખું છું, આશા છે કે વૈદ્ય સમાજ તેનો લાભ લે.

કરાચી
૧ લી ઑક્ટોબર ૧૯૩૩

લી૰ સેવક
વૈદ્ય ગોપાલજી કું. ઠક્કુર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી ભાષામાં
આ વિષયનો
પહેલોજ ગ્રન્થ

રસાયનસાર સંગ્રહ

લખનાર:
વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર

આયુર્વેદિક રસાયનશાસ્ત્રના ઉત્તમ સિદ્ધાંતોથી
ભરપુર પૂર્ણ અનુભવની દરેક માહિતી સાથે
લખાયલું દરેક વૈદ્યને ખાસ ઉપયોગી થનારૂં
અનુભવી પુસ્તક

મૂલ્ય રૂા. બે

મળવાનું ઠેકાણું:

ધી સિન્ધ આયુર્વેદિક ફાર્મસી

નાનકવાડા; ઉભય, કાલબાદેવી
કરાચી તથા મુંબઇ, ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्री धन्वन्तरयेनमः

आसवारिष्टविज्ञान

प्रस्ताविक

आयुर्वेद वैद्यकशास्त्रमां दवाओ बनाववाना अनेक प्रकार छे जेमांथी प्रवाही दवाओ बनाववाना प्रकारने आसव अथवा अरिष्ट એવા नामथी ओળખવામાં आवे छे. आ बनावट दरेक वैद्य बनावे छे, वापरे छे अने आयुर्वेदमां आ बनावटनी दवाओ उत्तम प्रकारनी गणाय छे अने तेनुं कारण એटलुं के ते लांबो वખत रहेवा छतां બગડती नथी એटलुंज नहिं परंतु એ दवा जेम जुनी थाय छे तेम गुणमां चडे छे. એने माटे आयुर्वेदमां कहेलुं छे के:

पुराणेस्युगुणेर्युक्ता आसवाः द्रावतो रसाः

चूर्ण, क्वाथ के गोળी જેવી બનાવટો લાંબો વખત ટકતી नथी એટલુંજ नहिं पण ते वधु प्रमाणमां बनावी राખी होय ने જો વેળાસર न वपराय જાય तो બગડी જાय छे ने परिणामे ફેંકी आपवी पडे छे, જ્યારે आसव જેવી दवा मोटा प्रमाणमां बनाववामां आवे तो सस्ती पडे, બગડे नहिं, वारंवार बनाववानी કડાકૂટ न थाय, दवा पीवा જેવी होवाथी तेमज लगભग मधुर ने स्वादवाળी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોવાથી દરદીઓને લેવાની પણ વધારે સગવડ થાય છે સર્વ કરતાં તે સસ્તી અને ગુણમાં પણ સચોટ છે એ સૌથી વધુ ઉત્તમતા ગણાય.

આયુર્વેદમાં આસવ–અરિષ્ટ બનાવવા માટે ખાસ રીત બતાવવામાં આવી છે આ રીત પ્રમાણે આસવ બનાવતાં અત્યારના વ્યાપારિ તથા આગળ વધતા જમાના–સમયમાં વૈદ્યોને કે ફાર્મસીવાળાઓને પરવડે તેમ નથી તેનું કારણ વ્યાપારિ દ્રષ્ટિ મુખ્ય છે એ શિવાય અગાઉ બનતા આસવો અમુક દરદી માટેજ બનતા અને અત્યારે તો દેશ–પરદેશમાં વ્યાપારિ ચીજની માફક દવાની વસ્તુ તરીકે વેચાય છે એટલે માલ બનાવવામાં જરાપણ કચાશ હોય તો પૈસા બધા બગડે છે અને બાટલીઓ ટુટી જાય છે કે સ્વાદમાં બાટો આસવ બની જતાં ફેંકી દેવો પડે છે આ મુશ્કેલી દૂર કરવા માટે આ બનાવટમાં અર્વાચિન સાયન્સની દ્રષ્ટિ મુજબ તેમાં જરૂરી સુધારાઓ કરવાની જરૂર છે.

અનેક વૈદ્યોએ આ વિષય પર પોતાની નજર દોડાવી ખૂબ વિચાર કરી શોધનની જરૂર છે એમ કબુલ કરેલું છે એટલુંજ નહિં પણ દરેક વૈદ્યોને ત્યાં ફાર્મસીઓમાં એકજ નમુનાનો રૂપ, રંગ કે સ્વાદમાં એક સરખો આસવ મળે એમ સૌ ઇચ્છે છે અને તેમ થતાં દેશી દવાઓ માટે લોકોનાં મનમાં શંકાઓ હોય તે દૂર થઈ જાય એ સ્વાભાવિકજ છે.

જનસમાજમાં દ્રાક્ષાસવ જેવી દવા અત્યારે મ્હોટા પ્રમાણમાં વપરાય છે સૌ કોઈ દ્રાક્ષાસવ બનાવી તેનો વ્યાપાર કરવા મંડી પડ્યા છે આવે વખતે વૈદ્યસમાજ પોતાની બનાવટો એકજ ધોરણે બનાવે અને તેનું સામાન્ય ધોરણ એકસરખું રહે ત્યારે આવી બનાવટો અત્યાર કરતાં વધુ લોકપ્રિયતા મેળવી શકશે. પરંતુ આ કાર્યમાં વ્યાપારિ લક્ષ્ય સાથે મૂળ શુદ્ધ હેતુ જે શાસ્ત્રિયતાનો છે તેમાં ફરક ન થવો જોઇએ એમ અમારો નમ્ર અભિપ્રાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમોએ આ દિશામાં અનેક વર્ષો સુધી પ્રયત્ન કર્યા પછી અમોને અનુભવમાં જે સત્ય વાર્તા જણાઇ તે આ લાઇનમાં કામ કરતા ભાઇઓની જાણ માટે આ એક નાના ટ્રેક્ટના રૂપમાં સૌની જાણ માટે પ્રગટ કરવાની યોજના પસંદ કરી છે જે નીચે પ્રમાણે છે.

આસવ એટલે શું?

અમુક પ્રકારની વનસ્પતિ; પાણી, મધ અથવા સાકર કે ગોળ એ ત્રણમાંથી એક આ પ્રમાણે ત્રણ ચીજોનો મેળ કરી તેને અમુક વખત રાખ્યા બાદ જે વસ્તુ તૈયાર થાય તેનું નામ આસવ કહેવાય છે. એવીજ રીતે અમુક વનસ્પતિના ઉકાળામાં મધુર પદાર્થ મેળવી અમુક વખત (૧૫ થી ૩૦ દીવસ) રાખવાથી જે વસ્તુ તૈયાર થાય તેનું નામ અરિષ્ટ. આ વ્યાખ્યા લગભગ આયુર્વેદના પ્રત્યેક ગ્રન્થમાં સાધારણ રીતે જોવામાં આવે છે. આ વ્યાખ્યા એટલે કે પ્રાચિન ગ્રન્થોમાં બતાવેલ વિધી પ્રમાણે આસવ બનાવતાં તે ખાટો, જાડો કે અત્યંત મીઠો અથવા કાચો આસવ બને છે અને તેથી ઉપર બતાવેલી કેટલીક મુશ્કેલીઓ ઉભી થાય છે અને માલ બગડી દ્રવ્યની હાની થાય છે, ગુણ પુરો થતો નથી અથવા તો ખરીદનાર ગ્રાહક ખુશી થતો નથી. આ સર્વ મુશ્કેલીઓ દૂર કરવા માટે આપણે હવે શું કરવું જોઇએ? કેવી રીતે આસવ બનાવવો જોઇએ? શું ફેરફાર કરવા જરૂરી છે? આ સર્વ પ્રશ્ન દરેક આસવ બનાવનાર તથા વાપરનાર વૈદ્યને સહેજે સામે આવી ઉભા રહેતા હશેજ.

અનુભવીઓની કોશીશ

આ વાત પર આજથી લગભગ બાર વર્ષ પહેલાં હિંદી વૈદ્ય-કલ્પતરુના સમ્પાદક પંડિત પુનમચંદ તનસુખ વ્યાસ જ્યાવરવાળાએ ચર્ચા શરૂ કરી કંઇ પ્રકાશ પાડ્યો હતો, ત્યારબાદ અમૃતસરવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામી હરિશરણાનંદનો એક નિબંધ પ્રગટ થયો છે પણ એ સર્વમાં લંબાણ બહુ છે અને જોઇતો ખુલાસો સરલતાથી મળી શકતો નથી. શ્રીયુત પુનમચંદ તનસુખ વ્યાસ બ્યાવરવાળા આજથી પ્રથમ ત્રણેક વર્ષ અગાઉ અહિં કરાચી આવેલા અને તે વખતે અમોએ તેમની સાથે આ વાતની ચર્ચા કરી ત્યારે તેમણે ખુશીથી કબુલ કરેલું કે અમોએ જે રીતે આસવ બનાવવાનો ક્રમ રાખેલો છે તે તેમને પસંદ પડ્યો, અને તેમણે તે વાત જાહેર કરવાની વિનંતિ કરી; દરેક પ્રકારના આસવના નમુના ચાખી–પી જોયા, ખાત્રી કર્યા પછી જે વાત તેમણે કબુલ કરી અને અમારે ત્યાં જે ક્રમ હતો તે ક્રમ અમારે એક નાના ટ્રેક્ટ રૂપે પ્રગટ કરવાનો વિચાર થયો. જે ક્રમ અહિં આ નીચે આપવામાં આવે છે. આ રીતથી અમારે ત્યાં અનેકવાર સેંકડો મણ આસવ બની ગયો છે અને તેમાં કદી પણ નુકશાની થતી અમારા જોવામાં આવી નથી.

આસવ બનાવવાનું પાત્ર

આસવ બનાવવા માટે પાત્ર હમેશાં સારૂં અને મજબુત લેવાની જરૂર છે. પ્રાચિન વૈદ્યક ગ્રન્થોમાં **ઘીનાં રીઢા પાત્ર**ની મહતા જોઇ તેને પસંદ કરવામાં આવેલ છે પણ હાલમાં તેવા પાત્રો અહિં શહેરોમાં મળવા પણ કઠણ હોય છે એટલુંજ નહિં પણ આવા પાત્રો મોટી સંખ્યામાં મળી શકતા નથી. વળી તે ભાંગી જાય તેની પણ પૂર્ણ ધાસ્તી રહે છે. એટલે સરળતાથી મળી શકે અને ભાંગ તુટની ધાસ્તી ન હોય તેમજ રાખવાની પણ ઠીક સગવડતા થાય એવા પાત્રો તરીકે ચીનીની બરણી કે જેમાં વિલાયતથી એસીડ ભરાઇને આ દેશમાં આવે છે અને તે ખાલી થયા પછી ત્રણેક રૂપીયે લગભગ મળી શકે છે આવી બરણી હવે આ દેશમાં પુષ્કળ બનવા લાગી છે તે બરણીમાં ૨૮ રતલ પાણી માય છે તેને સ્થાને આસવ ૨૦ રતલ બરાબર તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાકી શકે છે એટલે જેમને નાનાં પ્રમાણમાં આસવારિષ્ટ બનાવવાની ઇચ્છા હોય તેમને માટે તો આ પાત્ર બરાબર અનુકુળ થાય છે પણ જ્યાં મોટા પ્રમાણમાં આસવ બનાવવાની જરૂર છે, ત્યાં લાકડાના પીપ રાખવા એ વધારે ઉચિત થઈ શકે છે. લાકડાના પીપ નવા બનાવવા તે પણ ઠીક છે અથવા તો વિલાયતથી બીર નામનો દારૂ ભરાઇને અહિં આવી ખાલી થયા પછી મળી શકે છે તે ખરીદવા એ પણ સરલ માર્ગ છે.

આ રીતે બે પ્રકારના આ પાત્રો આસવારિષ્ટ બનાવવા માટે ઉપર બતાવેલા કારણોને લીધે વધુ અનુકુળ તથા ઠીક થાય છે એ પાત્રો બજારમાંથી લાવ્યા બાદ તેને બરાબર ધોઇ સાફ કરવાની જરૂર છે. પ્રથમ તેને **વૉશીંગસોડા**ના પાણીથી બરાબર ધોઈ લેવું ત્યારબાદ તેને ચુનાવાળા પાણીથી ઠીક રીતે ધોવું આ પ્રમાણે આ ચીજોથી બબ્બેવાર ધોઇને તેને સાફ કર્યા બાદ ચોવીસ કલાક તેમાં પાણી ભરી રાખી પછી તેને ફરી ગરમ પાણીથી ધોઇ પછી આસવના કામમાં વાપરવું જોઇએ. જો કોઈપણ પ્રકારની ધોવામાં કચાશ રહી જાય છે તો આસવ બગડી જવા સંભવ છે માટે પુર્ણ કાળજીથી આ પાત્રોને ધોઇ તેમાં કંઇપણ દ્રવ્ય ન રહે તેમજ તેમાંથી કોઈપણ પ્રકારની વાસ ન આવે ત્યારે સાફ થયું છે એમ સમજી કામમાં લેવું જોઇએ.

પાત્ર માટે દ્રવ્યનું પ્રમાણ

જે પાત્રમાં આસવ ભરવાનું હોય તેમાં જો એક મણ પાણી માય તેવું તેનું કદ હોય તો તેમાં પોણો મણ આસવ સહેલાઇથી બની શકે છે જો તેથી વધારે ભરવામાં આવશે તો બબીર બરાબર નહિં ઉઠી શકે, અને કદાચ માલ ઉભરાઇને બ્હાર પણ જાય માટે હમેશાં ચોથો ભાગ ખાલી રહે તેટલું દ્રવ્ય ભરવું જોઇએ કે જેથી આસવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બરાબર સુરક્ષીત રૂપે સારો બની શકે.

પાણી અને કવાથનાં દ્રવ્યો

જે વસ્તુઓ સુકી હોય તેનો કવાથ કરી ગાળી લઈ તે બચેલા કવાથનો અરિષ્ટ બને છે. અને જે લીલી હોય તેનો સ્વરસ કાઢી સાધારણ ગરમ કરી અરિષ્ટ બને છે આ સ્થળે એટલું યાદ રાખવું જોઇએ કે સાધારણ નરમ દ્રવ્યોનો કવાથ મૂળ દ્રવ્યથી ચાર ગણા પાણીમાં કરવો એટલે કે પાંચશેર દ્રાક્ષ જેવી ચીજ હોય તો ૨૦ શેર પાણીમાં કવાથ કરી પાંચશેર અવશેષ કવાથ બચે તેમ કરવો પણ જો રોહીતછાલ કે દશમુલ જેવા સખ્ત દ્રવ્યોનો કવાથ કરવો હોય તો આઠ ગણા પાણીમાં કવાથ કરી ચતુર્થાંસ કવાથ બાકી રાખવો જોઇએ. આ તૈયાર કરી ગાળેલા કવાથનું વજન જો દશશેર થાય તો તેમાં મધુર દ્રવ્ય તરીકે મધ, સાકર કે ગોળ નાંખવાનું પ્રમાણ શેર ૨॥ થી ૩ હોવું જોઇએ એટલે કે પ્રવાહી સો ટકા હોય તો મધુર દ્રવ્ય ૨૫ થી ૩૦ ટકા નાંખવું જોઇએ.

પ્રાચીન માપ

અહિં એ ખાસ જણાવવાની જરૂર છે કે જુની રીતે આસવ બનાવતાં તેમાં ગોળ કે મધ નાંખવાનું જે પ્રમાણ બતાવેલ છે તે અતિશય વધારે છે અને તેને લીધે તે અતિ મીઠા થાય છે, બમીર બરાબર થઈ શકતો નથી. એટલે કે મધુર દ્રવ્ય પ્રવાહી કવાથ કરતાં બહુજ ઓછા લેવાની જરૂર છે અને તેમ થતાં આસવ બરાબર તેજસ્વી થાય છે યાને તેમાં આલ્કોહલ (દારૂ) બરાબર ઠીક રીતે પેદા થઈ શકે છે, નહિં તો તે મીઠા શરબત જેવો પડયો રહે છે. આ ખાસ અમારો અનુભવ છે માટેજ અહિં મધુર દ્રવ્ય ઓછા પ્રમાણમાં લેવાનું જે લખવામાં આવે છે તે પુર્ણ અનુભવ કરીનેજ જણાવેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રક્ષેપ નાંખવાનો સમય

પ્રથમ કવાથ તૈયાર કરી તેમાં મધુર પદાર્થ મેળવી તેને બરાબર હલાવી એક વાસણમાં ભરી તે વાસણને નિર્વાતસ્થાનમાં રાખી દેવું. એ વાસણનું મોઢું સાધારણ રીતે જરા ખુલ્લું રહે તેવી રીતે રાખવું, બીલકુલ બંધ ન કરવું, અને તેમાં ખમીર આવી તે બેસી જાય ત્યારે તેમાં પ્રક્ષેપનાં દ્રવ્યો નાંખી હલાવી બંધ કરી દેવું. આ વખતે બરાબર સાંધો બંધ કરી લેવો કે જેથી બ્હારની હવા અંદર ન જાય તેમ અંદરની હવા બહાર ન જઈ શકે આ પ્રમાણે બંધ કર્યાબાદ એકથી બે માસ રાખી પછી ગાળી લઈ બાટલીઓ ભરી રાખવી. એ રીતે તૈયાર થએલ આસવ અથવા અરિષ્ટ કદીપણ ખાટો નહિં બને, પુર્ણ તેજદાર અને સ્વચ્છ તથા મૂળ દ્રવ્યના ગુણવાળો બની શકશે.

પ્રક્ષેપ પાછળથી નાંખવાનું કારણ

પ્રક્ષેપમાં નાંખવાનાં દ્રવ્યો ઘણે ભાગે સુગંધીત તૈલદ્રવ્ય યુક્ત હોય છે અને તે જો અગાઉ નાંખવામાં આવે અને વાસણનું મોં અર્ધ ખુલ્લું રાખેલું હોય તો તેમાં સુગંધીત પદાર્થ ઉડી જઈ આસવ ગુણ રહીત થઈ જાય છે, માટેજ આ પ્રમાણે પાછળ નાંખવાનું ઉચિત જણાય છે. એ શિવાય આ પ્રક્ષેપ દ્રવ્યો બહુ બારીક ન કુટાવતાં જરા જાડા ચુર્ણ રૂપે કુટાવવા જોઇએ કે જેથી ગુણ પુરો આવવાની સાથે આસવ ગાળતાં તે સ્વચ્છ બની શકે છે.

ખમીર આવવાનો સમય

એતો સ્વભાવિક નિયમ છે કે પાણી ગોળ અથવા મધ એ ચીજમાં એકાદ વનસ્પતિ નાંખી અમુક વખત રાખવામાં આવે તો તેમાં ખમીર (આથો) ઉત્પન્ન થયા શિવાય રહી શકતો નથી. જો ઋતુ ગરમ હોય, મકાન વાયુ રહીત હોય અને શરદી જેવું ન હોય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજે દિવસે ખમીર આવવાનું શરુ થઇ પંદર દિવસની અંદર તે એસી જાય છે, ખમીર એટલે ગેસ; આ ગેસ આસવની અંદર ભરીને દબાવી રાખવાથી તે ખાટો થઇ જાય છે અને જ્યારે તેને હલાવવામાં આવે ત્યારે તે ફીણ રૂપે ઉભરાઇ બહાર નીકળે છે અથવા તો બાટલીનું મુચ ઉડે છે એથીજ આ પદ્ધતિને પસંદ કરવા જેવું છે કે એમાં ગેસ બની બહાર નીકળી જાય છે. આવી રીતે ઋતુ અનુકુળ હોય તો દશ કે પંદર દિવસ અને જો ઋતુ ઠંડી–પ્રતિકુળ હોય તો દશથી વીસ દિવસમાં ખમીર આવી બેસી જાય ત્યારે તેમાં પ્રક્ષેપ નાંખી સંપૂર્ણ બંધ કરી પછી બે માસ રાખી મુકવો જોઇએ.

રાખી મુકવાનું કારણ

ખમીર આવ્યા બાદ આસવમાં પ્રક્ષેપનાં દ્રવ્યો નાંખી એક બે માસ રાખી મુકવાનું જે કંઈ ઉપર જણાવવામાં આવ્યું તેનો અર્થ એટલોજ છે કે તે સમયે તેમાં આલકોહલ (દારૂ) ઉત્પન થાય છે એ દારૂનું પ્રમાણ દરેકમાં સરખું હોતું નથી. જેવા અંદર દ્રવ્યો હશે તેના પ્રમાણમાં તે વધુ કે ઓછું ઉત્પન્ન થશે અને તેથીજ એમાં દરેક આસવના પ્રક્ષેપમાં ધાવડીના ફુલ વગેરે ચીજો નાંખવામાં આવે છે. ધાવડીના ફુલ મદ્ય ઉત્પન્ન કરવા માટે ઉત્તમ પદાર્થ હોવાથી તે આપણા લગભગ દરેક આસવ અરિષ્ટમાં નાંખવામાં આવે છે. ખમીર એટલે આથો અને તેમાં જો એસીડ રહી જાય તો તે ખાટો થાય છે, માટે અહિં ખમીર થતી વખતે એસીડનો વાયુ બહાર નીકળી જાય તે માટે વાસણનું મ્હોં અર્ધું ખુલ્લું રાખવાનું બતાવવામાં આવ્યું છે અને તે પ્રમાણે કરતાં એસીડવાળો વાયુ બહાર નીકળી ગયા બાદ જ્યારે તેમાં તેના પરમાણુંઓ બલાશ થઈ જાય ત્યારે સુરાબીજ મદ્ય ઉત્પન્ન કરવાનું કામ શરૂ કરે તે માટે પ્રક્ષેપ દ્રવ્યો પાછળથી નાંખી બંધ કરવાનું કહેલ છે સુરા ઉત્પન્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતી વખતે જો ખુલ્લું રાખવામાં આવે તો બહારનાં વાયુ વડે તે કાર્ય અટકી પડે છે. ગરમી આવતી નથી અને સુરાબીજ નષ્ટ થઇ આસવ ખાટો થઇ જાય છે અથવા તો ગ્યાસ એસીડના રૂપમાં પાછી ત્યાંજ બની જાય છે. એથી આ ક્રમમાં બતાવ્યા પ્રમાણે કરવાથી તેમાં સુરાબીજ વધતસર ઉત્પન્ન થઈ આસવ કે અરિષ્ટ બરા સ્વરૂપમાં બની શકે છે.

ખમીરની પરિક્ષા

પ્રવાહી કવાથમાં મધ અથવા સાકર જે કંઈ નાંખવાનું હોય તે મેળવી આપ્યા બાદ તેને બરણીમાં ભરી લઈ (બરણીનો ચોથો ભાગ ખાલી રાખવો જોઇએ) તેના મોઢાપર કપડું ઢાંકી તેના ઉપર તેનું ઢાંકણું અરધું ઢંકાયલું રહે તેવી રીતે આડું રાખી દેવું. પહેલે દિવસે તે બરણી પાસે કાન રાખી સાંભળવાથી કંઇપણ અવાજ આવતો નહિં જણાય, બીજે દિવસે જોતાં જરા જરા અવાજ અંદરથી થતો જણાસે અને જરા ખોલી જોતાં ઉપરના ભાગમાં ફીણ જેવું જોવામાં આવશે આ પ્રમાણે દરરોજ કે બીજે દીવસે જોતા રહેવાથી અંદરથી બુદ, બુદ કે સુ, સુ નો અવાજ આવતો કાનને જણાશે તેમજ ફીણથી બરણી કંઈક ભરાયલી જોવામાં આવશે. આ ક્રિયાને ખમીર કહે છે. જે વખતે ખમીર નથી હોતું તે વખતે આવો અવાજ કે ફીણ કંઈ હોતા નથી પણ તે થવા માંડે કે તરતજ આવું સ્વરૂપ ધારણ કરે છે આ સ્વરૂપ લગભગ પંદર દિવસમાં થઈ પછી તે બંધ પડી જાય છે કેટલીક વખતે ગરમ ઋતુ અને ગરમ સ્થાન હોવાથી તે કરતાં પણ ઓછા વખતમાં તૈયાર થઇ જાય છે જ્યારે કેટલીક વખતે ઠંડી ઋતુ અને ઠંડા સ્થાનમાં હોય તો થોડોક સમય એથી પણ વધારે લાગે છે, યાને દશથી વીશ દીવસ આ ક્રિયાને માટે પુરતા ગણાય છે. આ ખમીર આવે અને બંધ થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે તરતજ તેને ગાળી લેવું અને તેમાં પ્રક્ષેપનાં દ્રવ્યો જે કંઇ તૈયાર હોય તે ભરી આપી બંધ કરી શાંત જગાએ રાખી મુકવું. અને બે માસ પછી ગાળીને વાપરવું તે આસવ માટેનો સાધારણ ક્રમ છે ખમીરની બીજી પરિક્ષા એવી છે કે જે વાસણમાં ખમીર થયું નથી ત્યાં બતી ધરવાથી તે બળી શકે છે પણ જ્યાં ખમીર થયું કે ત્યાં બતી બળી શકતી નથી. તથા ફરી પાછું ખમીર થઇ બંધ થઈ જાય ત્યારે બતી બળવા માંડે છે. એટલે ખમીરની આ પરિક્ષા પણ સરલ છે અને તે પણ કરી લેવી જોઇએ.

આસવ તૈયાર થયા પછીનું કર્તવ્ય

ઉપર બતાવેલી રીત પ્રમાણે જે વસ્તુ તૈયાર થાય છે તેને પુર્ણ રીતે તૈયાર થએલો આસવ કે અરિષ્ટ કહી શકાય છે પુર્ણ રીતે તૈયાર થએલ આસવની સાધારણ રીતે એ પરિક્ષા છે કે બાટલીમાં તેને ગાળી લીધા બાદ ભરી રાખવું. અને અરધી કે પોણી બાટલી ભરી હાથ વડે ખુબ હલાવી જોવી એટલે તેમાં ફીણ થશે પણ બુચ ખુલી જશે નહિં. જો આસવ કાચો હશે અને આવી રીતે હલાવશું તો તરતજ જોરથી બુચ ઉડી જઈ અવાજ થસે અથવા તો બાટલીને તોડી નાંખશે. બીજું એમાં થએલ ફીણ જો આસવ કાચો હશે તો એમજ પડી રહેશે પણ જો તે પાકો થઇ ગયો હશે તો ફીણ તરતજ બેસી જશે અને તેથીજ સમજી લેવું કે એમાં હવે એસીડ રહેલ નથી પણ આલકોહલ થઈ ચુકયો છે. આવો આસવ તૈયાર થયા બાદ તેને ચાખી જોતાં-પી જોતાં તેનો સ્વાદ ખટાશવાળો ન હોતાં તેજદાર-દારૂ-વાઇનને મળતો મધુર તથા તમતમો હશે. અને પીતાંની સાથેજ ગળામાંથી તે હોજરી સુધી જતાં જતાં સરવરાટ પેદા કરતો જશે. એ શિવાય ખટાશ ન હોવાથી શરીરમાં તેજ, ઉષ્ણતા અને સ્ફુર્તિ પેદા કરશે. આવો આસવ બાટલીમાં ભરી રાખ્યા બાદ તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર ફુગ આવતી નથી. પણ જો તે કાચો (એસીડવાળો હોય તો) હશે તો ગાળ્યા બાદ પણ તેના પર ફુગ આવશે, હલાવતાં બુચ ખુલી જશે. સુ–સુ અવાજ થશે અને સ્વાદમાં જરાક ખટાશયુક્ત હશે. ગરમીની મોસમ હોતાં પોતાની મેળે તેની જગાએથી બાટલીમાં પડ્યો હોય ત્યારે બુચ ઉડી જાય છે. આવી રીતે વારંવાર તેમાં તકલીફ ઉભી થાય છે અને માલ પણ બગડી બેસ્વાદ બની જાય છે અથવા વધુ ખાટો થતાં વિકૃત બની ફેંકી દેવા યોગ્ય થઈ પડે છે માટે પુર્ણ ધ્યાન રાખી આ રીતે આસવ બનાવવા પ્રયત્ન કરવો. એ શિવાય બીજી એક પરિક્ષા એવી છે કે તૈયાર થએલ આસવ બાટલીમાં ભરી જોતાં તેનો રંગ જરા વધારે તેજદાર તથા સફાઇ યુક્ત બને છે. જ્યારે આસવ–અરિષ્ટ કાચો હોય કે બગડેલો હોય તો ફીક્કા, અસ્વચ્છ, પાતળો તથા સુરકા જેવો દેખાઈ આવે છે માટે તેવી રીતે પણ કાચા કે પાકા આસવની પરિક્ષા કરી શકાય છે.

આજકાલનો આસવ

આજકાલ આસવ બનાવવાનો ધંધો ઘણાએક લઈ બેઠા છે અને તેઓ મીઠો આસવ–મીઠો દ્રાક્ષાસવ કહીને વેચે છે એ લોકો મધુર દ્રવ્ય વધારે નાંખી આસવને શરબત જેવું કરી આપે છે અને કેટલાક તો પાણી પણ સારી રીતે નાંખી સસ્તો વેચી હરિફાઈ કરે છે જ્યારે કેટલાક લોકો તો કવાથ બનાવી તેમાં મધુર દ્રવ્ય નાંખી પછી જોઇતો સ્પીરીટ મેળવી આસવ બનાવી લઈ વેચે છે આવી જાતના આસવને આયુર્વેદિક પદ્ધતિ પ્રમાણે કરેલો આસવ છે એમ કહી વેચવું એ પણ એક પ્રકારનું પાપ છે–ઠગાઈ છે આવી ઠગાઇ આજે અનેક સારા માણસો કમાવાને ખાતર કરી આ પવિત્ર ઉદ્દેશથી ચાલતા વૈદકિય ધંધાને ખરાબ કરે છે લોકોએ તે માટે ધ્યાન રાખી ખરી વસ્તુ કઇ છે અને તે કેવી રીતે બને છે તેની તપાસ કર્યા પછીજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરીદ કરવાની જરૂર છે. કેવળ દરેક જગાએ વિશ્વાસ રાખી તપાસ કર્યા વગર ખરીદ ન કરવું એ પણ એક અંધશ્રદ્ધા કહેવાય.

આસવ અને અરિષ્ટના ભેદનું કારણ

જે દ્રવ્ય સખ્ત હોય તેનો અરિષ્ટ બનાવવો તે ઠીક છે પણ જે સૌમ્ય દ્રવ્ય હોય, જેમાં સુગંધી પદાર્થ (તત્વ) હોય, તૈલયુક્ત ભાગ મુખ્ય જોવામાં આવતો હોય તેનો ઉકાળો કરી અરિષ્ટ કરવા જતાં તે તત્વ ઉડી જાય છે, માટેજ આસવ કરી વાપરવો એ રિવાજ પડેલો છે અને તે યોગ્યજ છે. જે પદ્ધતિ અરિષ્ટમાં ઉકાળાની છે તેવીજ પદ્ધતિ આ આસવમાં પણ રાખવી જોઇએ જેમકે સાકર ગોળ કે મધ એ મધુર દ્રવ્ય તથા પ્રવાહી સ્વરસ કે પાણી લઈ તેમાં એકાદ વનસ્પતિ નાંખી (ખમીર કરી ઉઠે તેવી વસ્તુ હોવી જોઇએ જેમકે જેઠીમધ) ખમીર કરી લેવો. આમ કરવા પહેલાં પાણી જરા ગરમ કરી (નવશેકું) લેવું કે જેથી તેમાં ખમીર જલદી આવી જાય. આ પ્રમાણે આસવ કરવાથી તે બરાબર તેજસ્વી અને પુર્ણ ગુણદાયક બને છે.

દ્રાક્ષાસવ બનાવવાની રીત

પ્રથમ સુકી કાળી દ્રાક્ષ શેર ૨॥ (તોલા ૨૦૦) લઇ તેને સાફ કરી લેવી પછી તેને પાણીથી ધોઇ તેમાં ૨૦૦૦ તોલા પાણી નાંખી કલઇ કરેલા તપેલામાં રાત્રે પલાળી રાખવી સવારે તેનો કવાથ કરવો જ્યારે ચોથા ભાગનું પાણી આશરે રહેલું જણાય ત્યારે ઉતારી ઠંડુ થવા દેવું. પછી હાથ વડે તે કવાથને ચોળી લેવું અને કપડાથી ઢાંકીને ગાળી લેવું ગાળી લેતાં જે પાણી (કવાથ) રહે તેનું વજન ૫૦૦ તોલા હોવું જોઇએ. આ પાણીમાં મધ નાંખવું હોય તો તેમાં ૨૦૦ તોલા અને સાકર કે ગોળ નાંખવો હોય તો તે પણ ૨૦૦ તોલા નાંખી મેળવી એક બરણીમાં ભરી તેનું મ્હોં કપડાથી બંધ કરી લેવું. અને ઢાંકણું અર્ધ ખુલ્લું રહે તેવી રીતે ઉપર રાખી દેવું આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણે તે બરણી પાસે કાનવડે અવાજની દરરોજ પરિક્ષા કરવી બીજે કે ત્રીજે દીવસે તેમાં ફીણ આવી હશે, બુદ્ બુદ્ અવાજ થતો હશે. આ અવાજ દશથી પંદર દહાડા રહી પછી તે બંધ થઇ જશે, તે વખતે તે બરણીનું કપડું ખુલ્લું કરી તેની પાસે બતી બાળી જોવાથી તે સળગતી ચાલુ રહેતો સમજવું કે તે બરાબર થયો છે. એટલે તેને ગાળી લઈ તેમાં પ્રક્ષેપનાં દ્રવ્યોનો કુટાવેલ જાડો ભુક્કો નાંખી આપવો. અને તેને બરાબર હલાવી બંધ કરી, બે માસ લગી એક જગાએ રાખી મુકવું, મુદત થયા બાદ તેને ખોલી ગાળી લઈ બાટલા ભરી રાખવા અને વાપરવું આ આસવ બાટો નહિં થાય, પીવામાં સ્વાદિષ્ટ તથા ઉત્તેજક બરાબર હશે.

પ્રક્ષેપનાં દ્રવ્યો દ્રાક્ષાસવ માટે

ધાવડીનાંફુલ તો. ૩૨, કબાબચીની, લવંગ, જાયફળ. મરી, તજ, તમાલપત્ર. એલચી, નાગકેશર, ચવક, ચિત્રક, પીપર, પીપરા-મૂળ, રેણુંકબીજ.

આ દ્રવ્યો દરેક બબ્બે તોલા લઈ પછી તેને જાડા ભુસા જેવા કુટી લઇ ઉપર બતાવેલ દ્રાક્ષના કવાથમાં બમીર આવી ગયા બાદ મેળવી બરણી બંધ કરી આપવી.

દ્રાક્ષાસવનો ગુણ

આયુર્વેદમાં દ્રાક્ષાસવના જુદા જુદા પાઠ આપેલા છે આ પાઠ બાસ કરી શારંગધર, યોગરત્નાકર, ગદનિગ્રહ વગેરે ગ્રન્થોનો છે. તેની બનાવટ બરિષ્ટરૂપે હોવા છતાં બોલવામાં દ્રાક્ષાસવ નામ બપા-યેલું છે અને તેનો ગુણ નીચે પ્રમાણે તેમાં લખેલ છે જે બરાબર બનુભવ લેતાં ઠીક જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગ્નિ વધારનાર, દીપન (ભૂખ લગાડનાર) અર્શ, ઉદાવર્તવાયુ, રક્તપિત્ત, ઉદરરોગ, રક્તદોષ, કુષ્ટ, વ્રણરોગ, નેત્રરોગ, શીરરોગ, ગળાનાં દરદો, તાવ, પાંડુ, કમળો તેમજ અનેક મોટી બિમારી મટાડી બળ, વર્ણ તથા ધાતુઓની વૃદ્ધિ કરનાર છે.

સુવર્ણ મેળવવાની સરળ રીત

સારસ્વતારિષ્ટની બનાવટમાં સુવર્ણ નાંખવાનું કહેલું છે પરંતુ સોનાનાં વરક મેળવવાની જે રીત ત્યાં લખવામાં આવી છે તથા વૈદ્યો જે રીતે મેળવે છે તે રીત ઠીક નથી, એ રીતે મેળવેલું સુવર્ણ ગાળતી વખતે કચરામાં નીકળી જાય છે અથવા તો તે પાછળથી મેળવીએ તો બાટલીને તળીએ બેસી રહે છે એ વાત સૌના અનુભવમાં આવેલી હશેજ.

સરળ રીત એવી છે સુવર્ણક્ષાર જેને અંગ્રેજીમાં ગોલ્ડક્લોરાઇડ નામથી ઓળખવામાં આવે છે અને જેની ટયુબ જર્મન બનાવટની બાત્રીવાળી મળે છે તેમાં અમુક ગ્રેન સુવર્ણ છે એમ તે પર લખાયેલું પણ હોય છે. આ સુવર્ણને કાચના ગ્લાસમાં કાઢી તેમાં જરા ડીસ્ટીલ્ડવૉટર નાંખી પ્રવાહી બનાવી લેવું અને તે પ્રવાહી આસવમાં મેળવી આપવું. આ રીતે મેળવવામાં જોઇએ તેટલા પ્રમાણથી તરત પણ મેળવીને ગ્રાહકને આપી શકાય અથવા તો મેળવીને રાખી પણ શકાય છે. આ સુવર્ણક્ષાર પરદેશી બનાવટનો વાપરવાની જેની ઇચ્છા ન હોય તો નીચે પ્રમાણે બનાવી લેવો.

સુવર્ણક્ષાર બનાવવાની રીત

શુદ્ધસોનું તોલા ૩, આતશી કાચની શીશીમાં નાંખી તેને સ્પીરીટ લેમ્પ ઉપર રાખી ગરમ કરવું તેમાં ૧૫૦ તોલો નાઇટ્રીક એસીડ તથા હાઇડ્રોક્લોરીક એસીડ નાંખવું આ એસીડ સંભાળથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં ધીમે ધીમે નાંખવું જોઇએ પછી સુવર્ણ ગળી જાય ત્યારે તેમાં ૪ તોલા સિંધાલુણનું ચૂર્ણ મેળવી આપવું, જ્યારે તે ગરમી વડે સુકાઇ નારંગી રંગનું થઇ ગયેલું જણાય ત્યારે શીશીને ઉતારી સંભાળથી કાઢી સ્ટૉપર બાટલીમાં ભરી રાખવું. આ સુવર્ણક્ષારની યોગ્ય માત્રા વિચારીને પ્રવાહી રૂપમાં જ્યાં યોગ્ય વાપરવું ઘટે ત્યાં વાપરવું. આ રીત અંગ્રેજી ઉપરથી લેવાયલી છે પણ તે આપણા પ્રસિદ્ધ રસપુસ્તક રસતરંગીણીમાં આપેલી છે, જે કોઇપણ કુશળ વૈદ્ય પોતાને ત્યાં બનાવી શકે તેમ છે.

લોહાદ્રિભસ્મ મેળવવાની સરળ રીત

લોહાસવમાં લોહભસ્મ મેળવીને બનાવવામાં પણ ઉપર બતાવ્યા પ્રમાણે મુશ્કેલી જોવામાં આવે છે. કેટલાક વૈદ્યો લોહચૂર્ણ, મંડુર કે લોહનાં શુદ્ધ પત્રાં નાંખી આસવ બનાવી કામ ચલાવી લે છે, જે કે તેમાં કદાચ સ્હેજ ગુણ આવતો હશે પણ લોહભસ્મ નાંખીને જે આસવ બને છે તેની અસર બહુજ સારી થાય છે માટે લોહાસવમાં લોહભસ્મ મેળવવી અને તેની સરળ રીત આ પ્રમાણે છે.

લોહાસવમાં ત્રીફળા આવે છે તેમાંથી હરડે ચૂર્ણ જુદું લઇ તેમાં લોહભસ્મ નાંખી ઘુંટી તેમાં થોડું પાણી નાંખી આપવું અને ત્રણ દીવસ રાખી પછી તેમાં આમળાનુંચૂર્ણ નાંખી દેવું પછી બહેડાનું ચૂર્ણ મેળવી ઘુંટી લેવું. હરડેમાં ટેનીકએસીડ છે અને તે લોહને બીજા સ્વરૂપમાં લઈ જાય છે એથી કરી લોહભસ્મ પછી પાણીમાં સહેલાઇથી મળી શકે છે. આ પ્રમાણે તૈયાર રાખેલ દ્રવ્યને વાસણમાં પાણી અને બીજાં દ્રવ્યો સાથે મેળવી વિધી પ્રમાણે આસવ બનાવી લેવો કે જેથી ઉત્તમ લોહાસવ બની જશે. બીજી રીતે બનતા લોહાસવમાં અને આમાં ખૂબ ફરક હોય છે તે એકવાર બનાવી જોવાથી ખાત્રી થઈ જશે. એવીજ રીતે કુમાર્યાસવમાં લોહ તથા તામ્રભસ્મ આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તેને પણ હરડેના યોગથી રૂપાંતર કરી મેળવી દેવાથી ઉત્તમ આસવ બની શકે છે.

કુમાર્યાસવ માટે સરલ વિધી

કુંવારના લફ્ફાંનો રસ કાઢીને આસવ બનાવવાનું કામ પણ કઠણ છે, અને તેને માટે એક સરલ રીત નીચે પ્રમાણે લખવામાં આવે છે. પ્રથમ કુંવાર લાવી તેને છેડે કાંટા હોય તે દૂર કરી નાનાં ટુકડા કરી એક કલઈ કરેલા તપેલામાં નાંખી તે તપેલાને ચૂલા પર મુકી ઉપર વાસણ ઢાંકી નીચે તાપ દેવો, ગરમી લાગવાથી કુંવારના લફ્ફાં નરમ થઇ જશે પછી તેને ઉતારી કપડાથી દબાવી લેતાં તેમાંનો રસ એકદમ તુરત છુટો પડી જાય છે આ રસ પછીથી આસવ–અરિષ્ટ બનાવવા માટે ઠીક ઉપયોગી થઇ પડે છે ને થોડી મહેનતે આસવ બની જાય છે.

કેશર–કસ્તુરી–કપૂર મેળવવાની વિધી

આસવ બનાવવાના અનેક પાકમાં કેશર, કસ્તુરી અને કપૂર જેવી ચીજો પણ વપરાય છે આ ચીજો જો આસવમાં નાંખીને બનાવવામાં આવે તો છાણતી વખતે તેનો મોટો ભાગ કચરામાં જાય છે તે જાય તેને માટે પ્રથમ બીજી ચીજોનું આસવ બનાવી તૈયાર કરી લેવું, પછી ઉક્ત ચીજોમાંથી ગમે તે ચીજ મેળવવી હોય તે લઈ તેને સ્પીરીટમાં થોડોક સમય પલાળી રાખી તેનું ટીંચર રૂપ બનાવી છાણેલા આસવમાં મેળવી આપવું તો તેનો ગુણ પુરેપુરો તેમાં આવી જશે.

ઉપસંહાર

આસવ અને અરિષ્ટ બનાવવા માટેનો સાધારણ માર્ગ આટલા ખુલાસા સાથે લખ્યા ઉપરાંત જણાવવાનું કે આપણા આસવો માટે શાસ્ત્રીય પરિક્ષાનું બીજું કંઈ ખાસ ધોરણ ન હોવાથી આ પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય પરિક્ષા કરી ચલાવી લેવું પડે છે; પરંતુ જેવી રીતે વાઇન અને બ્રાન્ડીની પરિક્ષા કરવાના અમુક પ્રકારનાં મીટર આવે છે તે યંત્ર વડે કરી જોતાં તેમાં કેટલા ટકા આલકોહલ છે તે તરત જણાઈ આવે છે અને તેથી જેમાં વધુ ટકા આલકોહલ હોય તે વાઈન કે બ્રાન્ડી ઉત્તમ ગણાય છે તેવીજ પરિક્ષા આપણા આ આસવો કે અરિષ્ટો માટે દાખલ કરવાની જરૂર છે.

સાધારણ રીતે આ મીટરથી તપાસ કરતાં આપણા આસવોમાં પણ અમુક ટકા સ્પીરીટ છે તે જણાઇ આવે છે ખરૂં, પણ અમો તેવી જાતની પરિક્ષા હજી સુધી કરી શક્યા નથી પણ એમ સાંભળેલું છે કે ૬ થી ૧૨ ટકા સુધી આસવો કે અરિષ્ટોમાં જો તે સારા બનેલા હોય તો તેમાં આલકોહલનું પ્રમાણ જોવામાં આવેલું છે અને સાધારણ રીતે ૧૦ થી ૧૫ ટકા હોય તો ઉત્તમ આસવ ગણી શકાય છે; પંદર ટકાથી વધારે આલકોહલ તેમાં હોય તો તે બનાવવા માટે દારૂ બનાવવાનું લાઇસંસ રાખવા માટેનું મુંબઇની મ્યુનીસીપાલીટીએ એકાદ વાર ધાંધલ કરેલું હતું પણ આ વાત પાછળથી શાંત પડી ગઇ. એકંદરે તેમાં આલકોહલ ભલે વ્યાજબી હોય પરંતુ તે સારી રીતે બને તે માટે દરેક વૈદ્યે કાળજી રાખી આસવો બનાવવા જોઇએ એવી અમારી વિનંતિ છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમામ પ્રકારની સ્વદેશી દવાઓ

આયુર્વેદિક પદ્ધતિ પ્રમાણે તથા અનેક
વર્ષોના અનુભવને આધારે તૈયાર
કરેલી ખરીદવી હોય ત્યારે

ધી સિન્ધ આયુર્વેદિક ફાર્મસી

નાનકવાડા, કરાચી.

બ્રાંચ: ૩૭૫, કાલબાદેવીરોડ, મુંબઇ નં. ૨.

આ નામ યાદ રાખી લેશો.

ત્યાં તમોને દરેક દવા સારી, ગુણમાં સચોટ, બનાવટમાં
: અને કિંમતમાં કિફાયત ભાવે મળશે :

અમારી દવાઓની ઉત્તમ બનાવટ માટે વૈદ્ય સંમેલનો
તરફથી પ્રથમશ્રેણીના પ્રમાણપત્ર તથા ભારતવર્ષના
: નામાંકિત વૈદ્યોના ઉત્તમ અભિપ્રાયો મળેલા છે :

વધુ ખુલાસા માટે 'ચાલુભાવ'નું તથા 'વૈદ્યોના ખાસ
: ભાવ'નું સૂચીપત્ર મંગાવી લેશો :

તો જરૂર આપને લાભ થશે એટલું ધ્યાનમાં રાખશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈદ્ય સમાજ માટે ઉપયોગી સાધનો

જે વાં કે

નાના, મધ્યમ અને મોટી સાઇઝનાં

લો હ ખ ર લ

કિંમત રૂા. ૪, ૬ અને ૮ (ખર્ચ જુદું)

આ ખરલો જોતાંજ દીલને ખુશ કરે તેવા છે અધા
વૈદ્યોએ લીધા છે અને ઉત્તમ અભિપ્રાય આપ્યા છે

એ સિવાય ખાસ ઉપયોગી

ખનીજ દ્રવ્યો

કાળોઅભ્રક (અસલ પત્થર જેવો ચમકદાર) જેને વજ્રાભ્રક
કહેવામાં આવે છે તે તથા અસલ સુવર્ણમાક્ષીક, જુનો
મંડુર, ગૌદંતી તથા સ્ટીલ નામના ઉત્તમ લોહનો
જાડો ભુકો અને ખાપરીયું તથા શુદ્ધશિલાજીત,
શીલાજીતના પત્થર, યવક્ષાર, ગળોસત્વ, દશ-
મુળ અને બીજી જરૂરી ચીજો, તૈયાર દવાઓ,
ખનીજ દ્રવ્યો, વૈદ્યક પુસ્તકો વગેરે માલ
અમારે ત્યાંથી આપને ફીકાયત ભાવે
ખાત્રીથી મળશે. એકવાર મંગાવી જુઓ

વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર

ઉભેપ, કાલબાદેવી; મુંબઇ] [નાનકવાડા; કરાચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈદ્ય ગોપાલજી ઠક્કુર કૃત ઉપયોગી વૈદ્યક પુસ્તકો.

વૈદ્યકચિકિત્સાસાર [બીજી આવૃત્તિ પાકું પુઠું] **કિંમત રૂપિયા ૩.**
પ૦૧ ઉત્તમ પ્રયોગોનું ફાર્માકોપીયાની ઢબથી લખાયલું પુસ્તક. દરેક વૈદ્ય, ડૉક્ટર તથા ગૃહસ્થ માટે ખાસ ઉપયોગી છે.

વૈદ્યકચિકિત્સાપદ્ધતિ ... ... કિંમત રૂપિયા ૨.
આયુર્વેદિક ચિકિત્સા, નિદાન, નિઘંટુ અને રોગપરિક્ષા તથા કિંમતી ઉપાયો અને પથ્યાપથ્યની ટુંકમાં પરંતુ સરલ માહિતિ છે.

રસાયનસારસંગ્રહ ... ... કિંમત રૂપિયા ૨.
ધાતુ,ઉપધાતુ,રસ,વિષ, રત્ન એનું શોધન મારણ તથા વાપરવાનીરીત, ચાલુ રસોની બનાવટ,કુપીસ્થરસોની અનુભવી નોંધ તથા પારદનું ઉપયોગી વર્ણન.

અનુભૂતપ્રયોગાવલી ... ... કિંમત રૂપિયો ૧.
સરળ અનુભવી તથા જાણીતા વૈદ્યોના ૨૦૦ પ્રયોગોનો ઉપયોગી સંગ્રહ.

બાલચિકિત્સા ... ... કિંમત રૂપિયો ૧.
બાળરોગનું સામાન્ય વર્ણન, કારણ, લક્ષણ અને તેની સાથે અનુભવી તથા અકસીર ઉપાયો. દરેક વૈદ્ય, ડૉક્ટર અને કુટુંબી માણસમાટે ખાસ ઉપયોગી.

કુપીપક્વરસાયન ... ... કિંમત આના ૨.
ચંદ્રોદય તથા કુપીપક્વરસોનું પુરૂં વર્ણન તથા ભઠ્ઠી બનાવવાની ખાસ માહિતિ

ઉપયોગીપેટંટદવાઓ ... ... કિંમત આના ૨.
ફક્ત ૨૬ દવાઓ એક બીજીથી ચડે તેવી બનાવી હજારો રૂપિયા કમાઇ શકાય તેવું પુસ્તક.

મકરધ્વજરહસ્ય ... ... કિંમત આના ૨,
ચંદ્રોદયની બનાવટ, ખર્ચ, ગુણ પડતરનો હિસાબ, વાપરવાની રીત, અનેક અનુપાન સર્વ આમાં છે.

લેબલબુક [સુધારા વધારા સાથે બીજી આવૃત્તિ] **કિંમત રૂા. ૧૫.**
વૈદ્યો માટે ખાસ કામનાં ૭૫૦ લેબલ ફેન્સીરૂપમાં હીંદી ટાઈપમાં તૈયાર છે.

આયુર્વેદિકપ્રીસ્ક્રીપશનો ... ... કિંમત આના ૮.
અમારા અનુભવી બસો પ્રીસ્ક્રીપશનોનો સંગ્રહ.

ન્યાયવૈદ્યક ઔર વિષતંત્ર [હીંદીમાં કવીરાજ અત્રિદેવ કૃત] **કિંમત રૂા. ૨૫.**

દરેકનું પોસ્ટેજ જુદું, વધુ ખુલાસા માટે પુસ્તકોનું સૂચીપત્ર મંગાવો.

મેનેજર: આરોગ્યસિન્ધુ કાર્યાલય, નાનકવાડા—કરાચી.

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાઓની ઉત્તમ બનાવટ માટે અમોને
અ. ભા. વૈદ્ય સંમેલન તરફથી
સોનાના ચાંદ મળેલા છે.

卐

એ શિવાય હિંદુસ્થાનના નામાંકિત વૈદ્યરાજોએ
અમારી દવાઓ વાપરી, કારખાનું રૂબરૂ જોઇ
બહુજ સારા અભિપ્રાય આપેલા છે.

:: આયુર્વેદિક પદ્ધતિથી ::

શાસ્ત્રોક્ત દેશી દવાઓ બનાવનાર લોકપ્રિય મોટું કારખાનું

ધી સિન્ધ આયુર્વેદિક ફાર્મસી રજીસ્ટર્ડ

હેડઑફીસ: .... નાનકવાડા–કરાચી
શાખા: .... ૩૭૫, કાલબાદેવી; મુંબઇ ૨

આ કારખાનામાં ભસ્મ, રસ, કુપીપક્વરસ, રસાયન, ચૂર્ણ, તેલ, ઘૃત, ગોળી, ટીકડી, મલમ, અંજન, શરબત, આસવારિષ્ટ, વગેરે હજારો પ્રકારની ઉત્તમ બનાવટની દેશી આયુર્વેદિક દવાઓ હમેશાં તૈયાર રહે છે. વૈદ્યો તથા વેપારીઓ માટે ખાસ ભાવની સગવડ રખાયલી છે. એ શિવાય વૈદ્યો માટે લોહભસ્મ, અભ્રક વગેરે બનીજદ્રવ્યો અને પુસ્તકો પણ અમારે ત્યાં મળી શકે છે.

ખુલાસા માટે સૂચીપત્ર મંગાવી લ્યો

વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કર, નાનકવાડા—કરાચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar